# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

સંદર્ભ:– ૧)ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીજી/૨૦/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨,તા.૨૩/૦૩/૨૦૨૦

૨) અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/રજી/૧૮૪/૨૦૨૦ તા. ૨૪/૦૩/૨૦૨૦

૩)સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦–૫૦૧–ટ તા.૨૫/૦૩/૨૦૨૦

૪) શિક્ષણ વિભાગનાં પત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૧૦/૨૪૦૩૨૦૨૦/ખ-૨, તા:૨૬/૦૩/૨૦૨૦

**પરિપત્ર : –**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધિકારીઓને જણાવવામાં આવે છે કે નોવેલ કોરોના વાઈરસ COVID-19 કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઈરસ COVID-19ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા ઉકત જાહેરનામાથી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાત રાજયમાં લોક ડાઉન જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને પરિસ્થિતીને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે અત્રેની યુનિવર્સિટી દ્વારા સંદર્ભ ૨થી તા.૨૪/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી બંધ રાખવામાં આવેલ.

સંદર્ભ ૩ અનુસાર રાજય સરકાર દ્વારા નોવેલ કોરોના વાઈરસ COVID-19 ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજય સરકારની આવશ્યક સેવાઓ સાથે સકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા. ૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રાખવા અંગેની મળેલ સુચનાને ધ્યાને લઈ **તા: ૨૫/૦૩/૨૦૨૦ થી તા:૧૪/૦૪/૨૦૨૦ સુધી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે એકેડેમિક/એડમિનિસ્ટ્રેટીવ કામગીરી બંધ રાખવામાં આવે છે.** તેમજ સંદર્ભ ૩ અનુસાર કામની અગત્યતાના સબંધમાં સ્વવિવેકાનુસાર ન્યુન્તમ કર્મચારીઓ સાથે જે તે કચેરી ચાલુ રાખવાની સુચના આપવામાં હોય,કામની અગત્યતાને ધ્યાને લઈ જે કર્મચારીઓને યુનિવર્સિટી ખાતે ફરજ બજાવવાની સુચના આપવામાં આવે ત્યારે સબંધિત કર્મચારી ફરજ પર હાજર રહેવાનું રહેશે. યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા અનુરોધ કરવામાં આવે છે, અને હાલ દેશમાં જે આરોગ્યને લગતી મહામારીની ગંભીર પરીસ્થિતી ઉભી થઈ છે તેમાં સરકારશ્રીને સહકાર આપવા નમ્ર વિનંતી કરવામાં આવે છે. અને રાજય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

- **યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહી,યોગ્ય સમયે માહિતી મળતી રહે તે માટે સમયાંતરે ઈમેઈલ,વ્હોટસ એપ તથા યુનિવર્સિટીની ઓફીસીયલ વેબસાઈટ ચેક કરતા રહેવું**

**કા.કુલસચિવ**

નં. : બીકેએનએમયુ/રજી./ ૧૮૫ /૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૨૬/૦૩/૨૦૨૦

**પ્રતિ,**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ તરફ…

**નકલ સાદર રવાના :–**

૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ…

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫/૦૩/૨૦૨૦.

વંચાણે લીધા : (૧) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : F.NO.11013/9/2014-Estt.A.III
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૩) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : 11013/09/2014-Estt (A-III)
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.
(૬) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા. ૨૪/૦૩/૨૦૨૦નો હુકમ ક્રમાંક : ૪૦-૩/૨૦૨૦-ડી

**પરિપત્ર:**

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ને નિયંત્રણમાં લાવવા ભારત સરકારના કર્મચારીગણ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવાની થતી તકેદારી સંબંધમાં વખતોવખત સૂચનાઓ પરિપત્રિત કરી છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૪/૦૩/૨૦૨૦ ના હુકમથી હવે રાજ્ય સરકારની કચેરીઓ, સ્વાયત્ત સંસ્થાઓ, નિગમો સહિતની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ તમામ કચેરીઓ તા. ૨૫/૦૩/૨૦૨૦ ની અસરથી ૨૧ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૫) ના પરિપત્રથી આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની તમામ કચેરી બંધ રાખવા પરંતુ, કામની અગત્યતાના સંબધમાં સ્વવિવેકાનુસાર ન્યૂનતમ કર્મચારીઓ (skeleton staff) સાથે જે તે કચેરી ચાલુ રાખવાની સુચના આપવામાં આવી છે.

**૨. ઉપરની વિગતે નીચેના હુકમો નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના ચેપને નિયંત્રણ કરવા સાથે સીધા સંકળાયેલ કર્મચારીઓ / અધિકારીઓ તેમજ આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ વિભાગો / કચેરીઓ જેવી કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ તેઓને સંલગ્ન કચેરીઓ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને તેઓને સંલગ્ન કચેરીઓ, કલેક્ટર કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલ કચેરીઓ, પંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ (આવશ્યક / તાત્કાલિક પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારી/ અધિકારીઓ), ગેસ, વીજ વિતરણ કરતી કંપનીઓ, પાણી પુરવઠા સાથે સંકળાયેલ સંલગ્ન કચેરીઓ, પોલીસ તંત્ર વગેરે જેવી કચેરીઓને લાગુ પડશે નહિ.**

રાજ્ય સરકાર નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં રાજ્ય સરકારની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રહેશે પરંતુ અપવાદરૂપ સંજોગોમાં વિભાગના સચિવશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી સ્વવિવેકાનુસાર કોઇ કચેરી જરૂરીયાત મુજબ ન્યૂનતમ કર્મચારીઓ (skeleton staff) સાથે ચાલુ રાખી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

(P.T.O.)

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ–૧/૨, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા
- સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ (ટ–શાખા)
- જનરલ સિલેક્ટ ફાઈલ.

ક્રમાંકઃ કરન/૧૦૨૦૧૦/૨૪૦૩૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા.૨૬/3/૨૦૨૦

પ્રતિ

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભલ્વન, ગાંધીનગર.

(3) વાઈસ ચાન્સેલરશ્રી,
રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ.

વિષયઃ-નોવેલ કોરોના વાયરસ (COVID-19) અન્વયે રાજ્યની તમામ યુનિવર્સિટી/કોલેજો માટે લોક ડાઉનની સુચનાઓનું પાલન કરવા અંગે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે; તે સંબંધમાં લેવાની થતી તકેદારી સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/03/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૫૦૧/ટ થી જાહેર હિતમાં રાજ્યની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫/03/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રાખવાની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે.

3. ઉક્ત પરિપત્રને અનુલક્ષીને ગુજરાત રાજ્યમાં કાર્યરત તમામ યુનિવર્સિટીઓ, કોલેજો તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તા.૨૫/03/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સંપૂર્ણ રીતે બંધ રાખવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
રોનક મહેતા
(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ